પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદ વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
ઘૂંટણનો દુઃખાવો
ઘૂંટણ ના ઘસારા
Osteoarthritis
DTRT
ઉપનાહ સ્વેદન
લેપન
વેદાગ્નિકર્મ
પંચકર્મ
EKLપંચકર્મ
પટ્ટબંધન
અગ્નિકર્મ
ક્ષારકર્મ
વેધનકર્મ (વિદ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા.
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા.

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?

ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેકટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અધિક જેઠ સુદ અગિયારસ બુધવાર ૨૭ મે, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૮૨

પાનાં ૧૦+૧૬ કિંમત ₹ ૫.૦૦

યુરોપમાં અકાળે સખત ગરમીનું મોજું

વસંત ઋતુના સમયે જ સખત ઉનાળો આવી ગયો, તાપમાને નવા વિક્રમો સર્જ્યા

ફ્રાન્સ અને યુકેમાં ગરમીને લગતા બનાવોમાં મૃત્યુઓના અહેવાલો

યુરોપના ધોરણ પ્રમાણે ખૂબ કહેવાય એવું ૩૦ ડીગ્રીથી વધુ તાપમાન અનેક સ્થળે નોંધાયું

લંડન, તા. 26 (AP) : પશ્ચિમ યુરોપના કેટલાક ભાગોમાં વસંત ઋતુમાં જ તીવ્ર ગરમીનું મોજું ફરી વળતાં તાપમાનના જૂના રેકોર્ડ તૂટી ગયા છે. આ ભીષણ ગરમી વચ્ચે ફાયરફાઈટર્સે એડિનબર્ગમાં ઘાસના મેદાનમાં લાગેલી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો, જ્યારે બીજી તરફ સરકારોએ આ સ્થિતિને જીવનું જોખમ ગણાવી ચેતવણીઓ જાહેર કરી છે. લંડનમાં અસાધારણ એવી ટ્રોપિકલ નાઈટ(ઉષ્ણકટિબંધીય રાત્રિ) નોંધાઈ હતી. ટ્રોપિકલ નાઈટ એટલે કે એવી રાત જેમાં

...અનુસંધાન પાના 5 પર

યુકેમાં આકરી ગરમી : મે મહિનાનો સૌથી ગરમ દિવસનો રેકોર્ડ ફરી તૂટ્યો

ઇંગ્લેન્ડના જુદા જુદા ભાગોમાં પાણીમાં ન્હાવા પડેલા ચાર કિશોરોના ડૂબી જવાથી મોત, ક્લાઈમેટ ચેન્જના ટ્રેન્ડને લીધે આગામી સમયમાં યુકેમાં તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ પહોંચવાની શક્યતા.

લંડન. યુનાઇટેડ કિંગડમમાં ચાલી રહેલી હીટવેવની વચ્ચે મંગળવારે સતત બીજા દિવસે મે મહિનાનો અત્યાર સુધીનો સૌથી ગરમ દિવસ હોવાનો રેકોર્ડ તૂટી ગયો છે. લંડનમાં તાપમાનનો પારો ૩૫ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયો હતો. યુકે મેટોરોલોજીકલ ઓફિસ દ્વારા આ મહિનામાં નોંધાયેલું આ અત્યાર સુધીનું સૌથી વધુ દૈનિક તાપમાન છે. આ પૂર્વે સોમવારે જ ૩૪.૮ ડિગ્રી સેલ્સિયસ સાથે એક નવો રેકોર્ડ બન્યો હતો, જેણે મંગળવારે પોતાનો જ રેકોર્ડ તોડી નાખ્યો છે. અગ્રે ઉલ્લેખનીય છે કે સોમવારના તાપમાને વર્ષ ૧૯૪૪ના ૩૨.૮ ડિગ્રી સેલ્સિયસના રેકોર્ડને ધ્વસ્ત કર્યો હતો. "હીથ્રો અને ક્યુ ગાર્ડન્સમાં કામચલાઉ ધોરણે ૩૫.૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાવાની સાથે જ આજે મે મહિનાનો અત્યાર સુધીનો સૌથી ગરમ દિવસ બની ગયો છે." ક્લાઈમેટ

...અનુસંધાન પાના 5 પર

દેશમાં સખત ગરમીનો પ્રકોપ જારી : બાંદા ફરીથી ગરમ સ્થળ

નવી દિલ્હી. ભારતીય હવામાન વિભાગ(IMD)ના જણાવ્યા અનુસાર, મંગળવારે દેશના કેટલાક રાજ્યોમાં તીવ્ર ગરમીનો પ્રકોપ જોવા મળ્યો હતો, જેમાં ઉત્તર પ્રદેશનો બાંદા જિલ્લો ૪૭.૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે ફરી એકવાર દેશમાં સૌથી ગરમ રહ્યો હતો. મેદાની વિસ્તારોમાં જો મહત્તમ તાપમાન ૪૫ ડિગ્રીથી વધુ નોંધાય તો તેને હીટવેવ જાહેર કરવામાં આવે છે, જ્યારે ૪૭ ડિગ્રીથી વધુ તાપમાન હોય તો તેને 'તીવ્ર હીટવેવ'

...અનુસંધાન પાના 5 પર

પેરિસથી નાઇસ જતી ટ્રેનના મુસાફરો ગરમીમાં બફાયા

વીજ સમસ્યાને કારણે ટ્રેન અટક્યા પછી ગુંગળામણથી મુસાફરોએ નીચે ઉતરવું પડ્યું

ટ્રેનની અંદર બેસવાનું અસહ્ય થતાં મુસાફરો ચાર કલાક સુધી બહાર બેસી રહ્યા

પેરિસ, તા. 26 : અહીંથી નાઇસ જતી ટ્રેનમાં ડબ્બાઓની અંદર એર કન્ડીશનીંગની સુવિધા ન હોવાથી સેંકડો મુસાફરોને ચાર કલાક સુધી પાટા પર રાહ જોવાની ફરજ પડી હતી . ટ્રેન પેરિસથી બપોરે 2.10 વાગ્યે નીકળી હતી પરંતુ તેને ફ્રેન્ચ ગ્રામ્ય વિસ્તારની મધ્યમાં, લિયોનની ઉત્તરે, સિદ્રીક્સ-ડી'એઝર્ગ્યુસમાં રોકવાની ફરજ પડી હતી. લગભગ બે કલાક સુધી ગૂંગળામણ કરતી ટ્રેનની બોગીઓમાં ફસાયા પછી, મુસાફરો તેમાંથી બહાર નીકળી ગયા અને પાટા પાસે છાંયડામાં આશરો લીધો. આવું વીજળી પુરવઠામાં સમસ્યાને કારણે થયું હતું - જોકે હજુ સુધી તે સ્પષ્ટ

...અનુસંધાન પાના 5 પર

દિલ્હી ડાયરી

તેજ પ્રતાપ યાદવ: અસ્તિત્વ ટકાવી રાખવાની મથામણ

જાહેરમાં સતત ચર્ચામાં કેવી રીતે રહેવું અને હેડલાઇન્સ કેવી રીતે મેળવવી, તે એવા રાજકારણીઓનો પ્રિય સમય પસાર કરવાનો નુસખો છે જેઓ મુખ્ય પ્રવાહમાંથી હાંસિયામાં ધકેલાઈ ગયા છે. આવું કાં તો ચૂંટણી હાર્યા પછી થાય છે અથવા તો પોતાની જ પાર્ટી દ્વારા નકારી કાઢવામાં આવ્યા પછી થાય છે-ખાસ કરીને જ્યારે આવી વ્યક્તિ પિતા દ્વારા ચલાવવામાં આવતી કોઈ એકહથ્થુ સત્તાવાળી રાજકીય પાર્ટીના પુત્ર કે પુત્રી હોય.આવી દ્વિધા તે વ્યક્તિના મન પર ભારે બોજ બને છે જે આવી પરિસ્થિતિનો ભોગ બને છે. બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવના મોટા પુત્ર તેજ પ્રતાપ સિવાય બીજું કોણ હોઈ શકે, જેઓ હાલમાં એકલા-અટૂલા પડી ગયા બાદ ભારે ચર્ચામાં છે. તેમના પરિવાર દ્વારા રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી) માંથી હાંકી કાઢવામાં આવ્યા બાદ તેમણે બનાવેલી નવી પાર્ટી 'જનશક્તિ જનતા દળ'ને જનતામાં બહુ ઓછો કે નહિવત પ્રતિસાદ મળી રહ્યો છે અને ભાઈ તેજસ્વી યાદવ પણ તેમના માટે આરજેડીના દરવાજા ફરી ખોલવાની બહુ ઇચ્છા બતાવતા નથી. આ સ્થિતિમાં તેજ પ્રતાપ પ્રાસંગિક રહેવા માટે અન્ય વિકલ્પો શોધી રહ્યા હોય તેવું લાગે છે. તેથી જ, એક દિવસ તેઓ પોતાના પિતા લાલુ પ્રસાદ યાદવને કેક કાપવા માટે બોલાવે છે, તો બીજા દિવસે તેઓ 'જન સુરાજ'ના પ્રમુખ પ્રશાંત કિશોરના આંગણે ભવિષ્યના રાજકારણના આકાર પર ચર્ચા

...અનુસંધાન પાના 5 પર

કર્ણાટકમાં સિદ્ધારમૈયા રાજીનામું આપશે, શિવકુમારને હાઈકમાન્ડનું સમર્થન

સિદ્ધારમૈયા ગુરુવારે રાજીનામું આપી શકે, આજે બેંગલુરુમાં પ્રેસકોન્ફરન્સ સંબોધશે

કોંગ્રેસે નેતૃત્વ પરિવર્તનના અહેવાલો ફગાવ્યા, જો કે સિદ્ધરમૈયાને રાજ્યસભા બેઠકની ઓફર કરી મનાવાયાના અહેવાલ

નવી દિલ્હી, તા. 26 : કર્ણાટકમાં ટોચના પદ અંગેનો ઝઘડો આખરે

ઉકેલાઈ ગયો છે, કોંગ્રેસના કેન્દ્રીય નેતૃત્વ દ્વારા ડીકે શિવકુમારના દાવાને સર્વાનુમતે સમર્થન આપવામાં આવ્યું છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. સમગ્ર હાઇકમાન્ડ ડીકે શિવકુમારના સમર્થનમાં હોવાનું સુત્રોએ ઉમેર્યું હતું. આ પહેલાના અહેવાલોમાં કોંગ્રેસે મંગળવારે કર્ણાટકમાં નેતૃત્વ પરિવર્તનની વાતોને માત્ર અટકળો ગણાવીને ફગાવી દીધી હતી અને ભારપૂર્વક જણાવ્યું હતું કે કેન્દ્રીય અને રાજ્યના ટોચના નેતાઓ વચ્ચે દિવસભર ચાલેલી ચર્ચા માત્ર આગામી રાજ્યસભા અને રાજ્ય વિધાન પરિષદની ચૂંટણીઓ પર જ કેન્દ્રિત હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને રાજ્યસભા બેઠકની ઓફર કરવામાં આવી છે અને દિલ્હીથી મોટી, રાષ્ટ્રીય ભૂમિકા ભજવવા માટે કહેવામાં આવ્યું છે. તેમણે આ અંગે નિર્ણય લેવા માટે સમય માંગ્યો છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. સિદ્ધારમૈયાએ તેમના વફાદાર કાર્યકરો સાથે આ બાબતે ચર્ચા કરી છે, અને જાહેર કર્યું છે કે

...અનુસંધાન પાના 5 પર

CBSEએ OSM પોર્ટલ હેક થવાના દાવાને ફગાવ્યો

નવી દિલ્હી, તા. 26 (PTI) : સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)એ મંગળવારે સોશિયલ મીડિયા પર ચાલી રહેલા એ દાવાઓને ફગાવી દીધા છે, જેમાં બોર્ડની ઓન-સ્ક્રીન માર્કિંગ (OSM) સિસ્ટમ હેક થઈ હોવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. બોર્ડે સ્પષ્ટતા કરી છે કે સોશિયલ મીડિયા પોસ્ટમાં જે પોર્ટલનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે માત્ર એક ટેસ્ટિંગ સાઇટ છે અને મૂલ્યાંકન માટે વપરાતું સત્તાવાર પ્લેટફોર્મ નથી.

CBSE એ 'X' પર જણાવ્યું હતું કે, સોશિયલ મીડિયા પર એક યુઝર દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે તેના દ્વારા ૨૬.૦૨.૨૦૨૬ ના રોજ CBSE

...અનુસંધાન પાના 5 પર

અમેરિકાના ઈરાનની બોટ અને મિસાઈલ લોન્ચ સાઈટ પર હુમલા

અમેરિકાએ કરેલા હુમલામાં 4 ઇરાની સૈનિકોનાં મોત, ઇરાન પર સ્વરક્ષણ હુમલા કર્યાનો અમેરિકાનો દાવો

હુમલા થવા છતાં બીજી બાજુ ટ્રમ્પે કહ્યું કે ઇરાન સાથે મંત્રણા સારી રીતે આગળ વધી રહી છે

વોશિંગ્ટન, તા. 26 (AP) : અમેરિકી સૈન્યએ સોમવારે જણાવ્યું હતું કે તેઓએ દક્ષિણ ઈરાનમાં મિસાઈલ લોન્ચ સાઈટ્સ અને માઈન્સ (દરિયાઈ સુરંગો) ગોઠવતી બોટો સહિતના સ્થળો પર આત્મરક્ષણ માટે હમલા કર્યા છે, જ્યારે બીજી તરફ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે તેહરાન સાથેની વાટાઘાટો સારી રીતે આગળ વધી રહી છે. યુએસ મિલિટરીના સેન્ટ્રલ કમાન્ડના પ્રવક્તા કેપ્ટન ટિમ હોકિન્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ હમલા ઈરાની દળો દ્વારા ઉભા કરાયેલા જોખમોથી અમારા સૈનિકોને બચાવવા માટે કરવામાં આવ્યા હતા, પરંતુ સૈન્ય ચાલુ યુદ્ધવિરામ દરમિયાન સંયમ વર્તી રહ્યું છે. આ અંગે ઈરાન તરફથી ઉભા થયેલા જોખમોની વધુ વિગતો અને વાટાઘાટો પર તેની શું અસર પડશે તે સહિતની અન્ય કોઈ ચોક્કસ માહિતી તાત્કાલિક ઉપલબ્ધ થઈ શકી નથી. ઈરાન તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી, જેણે અમેરિકા સાથે સંભવિત કરાર અંગેની વાટાઘાટો માટે તેના સંસદ સ્પીકર મોહમ્મદ બાગેર કાલીબાફને કતાર મોકલ્યા હતા. કતાર, જેણે યુદ્ધ દરમિયાન ઈરાન તરફથી તીવ્ર હમલાઓનો સામનો કરવો પડ્યો હતો, તેની પાસે ઈરાનના અબજો ડોલરના ફ્રીઝ થયેલા ફંડ્સ છે. ઈરાનમાં, પૂર્વ રિવોલ્યુશનરી ગાર્ડના ચીફ મોહસેન રેઝાઈની

...અનુસંધાન પાના 5 પર

ઈરાન મામલે ટ્રમ્પ અને વાન્સ વચ્ચે તીવ્ર મતભેદના અહેવાલ

જેડી વાન્સ અમેરિકી ઉપપ્રમુખપદેથી રાજીનામુ આપવા વિચારે છે?

જો આમ થાય તો તુલસી ગાબાર્ડ પછી ટ્રમ્પ તંત્રને બીજો મોટો આંચકો હશે

વૉશિંગ્ટન, તા. 26: ઈરાન અમેરિકા સામેના તેના મુકાબલામાં જીતી ગયું હોવાનું વિશ્વમાં વ્યાપકપણે મનાય છે, ત્યારે અહેવાલો અનુસાર અમેરિકાના ઉપરાષ્ટ્રપ્રમુખ જે.ડી. વેન્સ ટ્રમ્પ વહીવટીતંત્રમાં વધુને વધુ એકલા પડી રહ્યા છે અને પોતાના ભવિષ્ય અંગે વિચારણા કરી રહ્યા છે.

ઈંધણના ભાવ આસમાને પહોંચતા અને ઈરાન સાથેની નરમ ડીલ વિવાદોમાં ઘેરાતા, વેન્સનું અન્ય દેશોની બાબતોમાં હસ્તક્ષેપ ન કરવાનું વલણ હવે ટ્રમ્પના કડક વલણ સાથે ટકરાઈ રહ્યું છે અને આ બાબત તેમને ૨૦૨૮ની રાષ્ટ્રપ્રમુખ પદની રેસમાંથી પણ બહાર કરી શકે છે. એમ પણ કહેવાય છે કે જેડી વાન્સ ઉપપ્રમુખપદેથી રાજીનામુ આપવા પણ વિચારણા કરી રહ્યા છે અને જો આમ થશે તો તુલસી ગાબાર્ડના પહેલાથી જ ગયા પછી ટ્રમ્પ પ્રશાસન માટે ઈરાનના મામલે તાજેતરમાં આ બીજો મોટો આંચકો હશે. ગુપ્તચર વિભાગના વડા તરીકે

...અનુસંધાન પાના 5 પર

ચીનને ધ્યાને રાખી ક્વાડનું ૨૦ અબજ ડોલરનું ક્રિટિકલ મિનરલ ફ્રેમવર્ક શરૂ

દિલ્હીમાં ક્વાડ સંગઠનના વિદેશ મંત્રીઓની બેઠકમાં લેવાયેલો મહત્વનો નિર્ણય

મહત્વના ખનિજોના પુરવઠાને ખોરવતા ચીનના પગલાઓ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી

નવી દિલ્હી, તા. 26 (PTI): ક્વાડ જૂથે મંગળવારે એક મહત્વપૂર્ણ ખનિજ સહયોગ માળખું (ક્રિટિકલ મિનરલ્સ કોઓપરેશન ફ્રેમવર્ક) શરૂ કર્યું છે, જેમાં સપ્લાય ચેઈનને મજબૂત

કરવા માટે ૨૦ અબજ યુએસ ડોલર સુધીની સરકારી અને ખાનગી મૂડી રોકવાની પ્રતિજ્ઞા લેવામાં આવી છે. આ સાથે જ આ ક્ષેત્રમાં ચીનના નિકાસ નિયંત્રણ નીતિઓનો પરોક્ષ ઉલ્લેખ કરીને આર્થિક બળજબરી અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. મહત્વપૂર્ણ ખનિજો અંગેના આ માળખાને નવી દિલ્હીમાં ક્વાડ જૂથના વિદેશ મંત્રીઓની બેઠકમાં અંતિમ રૂપ આપવામાં આવ્યું હતું. આ બેઠકની અધ્યક્ષતા વિદેશ મંત્રી એસ. જયશંકરે કરી હતી અને તેમાં અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો, ઓસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી

...અનુસંધાન પાના 5 પર

મહત્વના ખનિજોના પુરવઠા માટેના કરાર પર ભારત-અમેરિકાના હસ્તાક્ષર

મહત્વના ખનિજોનો પુરવઠો સુનિશ્ચિત કરવા માટે સહકાર કરવા કરાર થયા

નવી દિલ્હી, તા. 26: ભારત અને અમેરિકાએ મંગળવારે ક્રિટિકલ મિનરલ્સ (મહત્વના ખનિજો)ના સતત પુરવઠાને સુનિશ્ચિત કરવા માટે સહયોગના એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે. ક્રિટિકલ મિનરલ્સના માઇનિંગ (ઉત્ખનન) અને પ્રોસેસિંગ (પ્રક્રિયા)ના પુરવઠાને સુરક્ષિત કરવા અંગેના આ માળખા પર નવી દિલ્હીમાં ક્વાડ (Quad) વિદેશ મંત્રીઓની બેઠક દરમિયાન હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોની હાજરીમાં વિદેશ મંત્રી એસ. જયશંકરે જણાવ્યું હતું કે, "આ ખૂબ જ સમયસરનું અને મહત્વપૂર્ણ પગલું છે. તેમણે ઉમેર્યું કે, આ માળખાનો ઉદ્દેશ્ય માઇનિંગ, પ્રોસેસિંગ, રિસાયક્લિંગ અને સંબંધિત રોકાણ સહિત સમગ્ર ક્રિટિકલ મિનરલ્સ અને રેર અર્થ સપ્લાય ચેઈનમાં આપણો સહયોગ વધુ ગાઢ બનાવવાનો છે. ઇલેક્ટ્રિક વ્હીકલ્સ (EVs), ડ્રોન અને બેટરી સ્ટોરેજ સહિતના હાઇ-એન્ડ ટેક્નોલોજી ઉત્પાદનો માટે ક્રિટિકલ મિનરલ્સ અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

...અનુસંધાન પાના 5 પર

ચીન-પાકિસ્તાનના સંયુક્ત નિવેદનમાં જમ્મુ-કાશ્મીરના 'બિનજરૂરી' ઉલ્લેખને ભારતે સખત શબ્દોમાં ફગાવ્યો

કાશ્મીરમાં દખલગીરી સહન નહીં થાય : ભારત

જમ્મુ-કાશ્મીર અને લદાખ ભારતનો અવિભાજ્ય હિસ્સો હતા, છે અને હંમેશા રહેશે

નવી દિલ્હી, તા. 26 (PTI) : ભારતે આજે ચીન અને પાકિસ્તાનને ચેતવણી આપી છે કે કાશ્મીર મામલે કોઈ જાતની દખલગીરી સહન કરવામાં આવશે નહીં. ભારતે મંગળવારે ચીન અને પાકિસ્તાન દ્વારા બહાર પાડવામાં આવેલા સંયુક્ત નિવેદનમાં જમ્મુ-કાશ્મીરના બિનજરૂરી ઉલ્લેખને સખત શબ્દોમાં ફગાવી દીધો છે. ભારતે ફરી એકવાર પુનરાવર્તિત કર્યું છે કે આ કેન્દ્રશાસિત પ્રદેશ અને લદ્દાખ ભારતનો અવિભાજ્ય હિસ્સો હતા, છે અને હંમેશાં રહેશે તથા આ બાબતે ટિપ્પણી કરવાનો અન્ય કોઈ દેશને કોઈ અધિકાર નથી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે આ અંગે ભારતનું વલણ સાતત્યપૂર્ણ છે અને સંબંધિત પક્ષો તેનાથી સારી રીતે વાકેફ છે. મીડિયાના પ્રશ્નોનો જવાબ આપતા તેમણે કહ્યું હતું કે ચીન અને

...અનુસંધાન પાના 5 પર

પશ્ચિમ બંગાળ નીચે 24 મિલિયન બેરલ ક્રુડનો ભંડાર મળ્યો

જો સંપુર્ણ ક્ષમતાથી ઉત્પાદન શરૂ થાય તો વિદેશથી ક્રુડ આયાત કરવા પરની ભારતની નિર્ભરતા ઘટી જશે

નવી દિલ્હી, તા. 26. સમગ્ર વિશ્વમાં ઉર્જાની કટોકટી ચાલી રહી છે અને પેટ્રોલ-ડિઝલના ભાવમાં આગ લાગી છે. મીડલ ઈસ્ટના તણાવ અને વૈશ્વિક બજારમાં ક્રુડ ઓઈલના ભાવમાં ભારે વધઘટ વચ્ચે ભારત માટે રાહતના સમાચાર આવ્યા છે. પશ્ચિમ બંગાળનું એક નાનકડું શહેર અશોકનગર આગામી દિવસોમાં ભારતના પેટ્રોલ અને ડિઝળના સંકટને કાયમી માટે સમાપ્ત કરવાની

...અનુસંધાન પાના 5 પર

તા. ૨૬-૦૫-૨૦૨૬નું સુરત શહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૫.૭° સે.	૨૮.૬° સે.	૬૫%